## (૮) ટ્રેક નં. ૨૦ : ઉત્પાદ વ્યય ધ્રુવ વિષે

✿ "શું એક જ સમયમાં દ્રવ્યમાં જુની અવસ્થાઓ જાય, નવી આવે, છતાંય દ્રવ્ય ધ્રુવપણે રહે"-આ તે કેવો ચમત્કાર?
હાઁ, આ ચમત્કાર તો પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી જ સમજાવી શકે.

✿ મંગલાચરણ

✿ ભક્તિ : "અહો! ઉત્પાદ, વ્યય, નિરપેક્ષ ધ્રુવ જીવન હમારા હૈ".

✿ 'સ્થિરતા એક સમયમેં ઠાણે ઉપજે વિણસે તબહી, ઉલટ પલટ ધ્રુવ સત્તા રાખે યાઁ હમ સુની ન કબહી' ઉત્પાદ વ્યય પણ રાખે અને ધ્રુવ પણ રાખે. પર્યાયમાં ઉત્પાદ વ્યય છે. વસ્તુપણે તે ત્રિકાળ છે ધ્રુવ છે ઈ ઉલટ-પુલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુની ન કબહી, અવધૂ નટનાગરકી બાજી.' ચૌદ બ્રહ્માંડનું નગર આ એક આત્મા. નટ રમ્યો ચાર ગતિમાં

✿ ત્રિકાળ ઐસા એક ગુણ હૈ કે "સત્ દ્રવ્ય લક્ષણમ્". સત્‌કા અર્થ યે હૈ કે ત્રિકાળ-ઉસમેં ધ્રુવ વ્યય ઉત્પાદ. સદશ્ય-વિસદશ્ય. 'સદશ્ય નામ ધ્રુવ-વિસદશ્ય નામ વ્યય ઉત્પાદ-ઐસા જિસકા સ્વભાવ હ ઐસા સત્, ઉસકા અસ્તિત્વ, ઉસકી સત્તાકા હોના, ઐસા એક આત્મામેં ગુણ હૈ.

✿ ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો પણ એક ગુણ છે. પર્યાયમાં ઉત્પાદ-વ્યય ભલે થોડા હોય પણ તેની શક્તિમાં ઉત્પાદ વ્યય ધ્રુવ નામનો ગુણ છે તે પૂર્ણ છે.

✿ એ ભાવ ભાવ, ભાવ અભાવ. વર્તમાન પર્યાય છે એ ભાવને કારણે, એનો અભાવ થવો. એવી પણ એક ભાવ-અભાવ નામની શક્તિ છે. તારે તે પર્યાયનો અભાવ કરવો પડે અને ભાવની પર્યાયનો વ્યય કરવો પડે એમ નથી. એ શક્તિ જ એવી છે.

✿ 'ભાવ' નામનો ગુણ પણ પરિપૂર્ણ છે. 'અભાવ' નામનો ગુણ પણ પરિપૂર્ણ છે. 'ભાવ-અભાવ' નામનો ગુણ પણ પરિપૂર્ણ છે. 'અભાવ-ભાવ' નામનો પર્યાયમાં જે અભાવ હતો એને ઠેકાણે ભાવ થયો, પર્યાયનો હોં, એવો અભાવ-ભાવ નામનો ગુણ આત્મામાં છે. તારે

અભાવ કરવો પડે ને ભાવનો વ્યય કરવો પડે એમ નથી. કહે છે.

✿ રાગ અને રાગને જાણનારી જ્ઞાનની પર્યાય, એ પર્યાયની સમીપે પ્રભુ બિરાજે છે, 'પરમ પુરુષ સમીપે છે' આવે છે. ધ્રુવ ધ્રુવ તે પર્યાયની સમીપે ધ્રુવ પડ્યું છે. પર્યાય જે છે ઉત્પાદ, વ્યય વાળી 'ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ્ સત્' છે ને!! તો ઉત્પાદ-વ્યયની પર્યાયની સમીપે ધ્રુવ છે. પણ ઉત્પાદ-વ્યયે ધ્રુવને જોયું નહીં. ઉત્પાદ વ્યય એ રાગ ને પુણ્યને પરને જોવામાં રોકાઈ ગયો. કાં એ પરને જાણવામાં રોકાઈ ગયો પણ એ પર્યાયે-જાણવાની પર્યાયે જાણનારને જોયો નહીં.

✿ પોતાની નિજ પર્યાય નિજ ક્ષણ છે. દરેક દ્રવ્યની તે સમયની પર્યાયની ઉત્પત્તિનો કાળ છે એ તે કાળે તે પર્યાય પોતાથી ઉપજે છે. પૂર્વની પર્યાયથી નહીં, નિમિત્તથી નહીં, દ્રવ્ય-ગુણથી નહીં.

✿ (ઉત્પત્તિ) તો પર્યાયથી હૈ, વસ્તુ કી ઉત્પત્તિ હૈ નહીં, વસ્તુ તો અનાદિ હૈ. સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર, મોક્ષકા માર્ગકી ઉત્પત્તિ હૈ, પણ વો તો પર્યાયકી ઉત્પત્તિ હૈ.

✿ સમ્યક્દર્શન હુઆ, સમ્યક્જ્ઞાન હુઆ, ઐસા કહેનેમેં આતા હૈ, ચારિત્ર હુઆ, વો તો પર્યાય હૈ. વસ્તુ હૈ તો અનાદિ, એને જન્મ હૈ નહીં, ઉત્પત્તિ હૈ નહીં.

✿ નિશ્ચય મોક્ષમાર્ગ ભી ઉત્પન્ન હોતા હૈ, પર્યાય હૈ.

✿ પર્યાયમાં નવી ઉપજે, પૂર્વ પર્યાય જાય છતાં સ્થિરતા તો કાયમ છે.

✿ એક-એક પરમાણુમેં જબ ઉસકી પર્યાયકા ઉત્પત્તિકાળ હૈ તબ ઉત્પન્ન હોતા હૈ. દૂસરા વો પર્યાયકો ઉત્પન્ન કરા દે કે પૂર્વકી પર્યાય સે પછી કી પર્યાય ઉત્પન્ન હુઈ, ઐસા હૈ નહીં. નિમિત્ત સે તો નહીં પણ વો પર્યાય જો ઉત્પન્ન હુઈ ઉસકે પહેલે પર્યાયથી, ઉસસે દૂસરી પર્યાય હુઈ ઐસે નહીં. તે સમયમેં આ પર્યાય એ પ્રકારે ઉત્પન્ન હોનેકા, જન્મ નામ ઉત્પત્તિકા કાળ થા, તો ઉત્પન્ન હુઆ હૈ.

✿ અંદર પૂર્ણ કોઈ ચીજ હૈ કે નહીં આત્મા? આત્મા તત્ત્વ હૈ કે નહીં? એ તત્ત્વ હૈ વો ત્રિકાળી ધ્રુવ હૈ. ચાહે ભલે વર્તમાન પર્યાય-અવસ્થા પલટતી હો, હલચલ હો પર્યાયમેં, પણ વસ્તુ ધ્રુવ હૈ એમાં 'હલચલ

નહીં, હલચલ નહીં' અર્થાત્-તે પલટતી નહીં અને પલટતી દશામેં હલચલ વિનાની ચીજ આતી નહીં

✿ ઉત્પાદ-વ્યય ને ધ્રુવ તીનોં-ઉત્પાદ વ્યય પલટતા અંશ હૈ, ધ્રવ એ નહીં પલટતા અંશ હૈ.

ભક્તિ : પર્યાય બતાવે (૨) ધ્રુવ ધામજી, આવો સ્વઘર પાસજી.

✿ ઉત્પાદ ઉત્પાદસે હોતા હૈ, ઉત્પાદ વ્યય સે નહીં, ઉત્પાદ ધ્રુવ સે નહીં, ધ્રુવ ઉત્પાદસે નહીં, ધ્રુવ વ્યયસે નહીં, વ્યય ઉત્પાદસે નહીં.

✿ ત્રિલોકીનાથ ચૈતન્યતત્ત્વ વસ્તુ ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ ઉત્પાદ વ્યયની પર્યાયની પાસે પડી, નિમિત્ત નહીં.

✿ અનંત અનંત ગુણકા ભરપૂર ભગવાન! એ ચારોં ઓર ગુણ હી ભરે હૈ, ગુણ હી ભરે હૈ. કોઈ શુભરાગ કે અશુભરાગ ઉસમેં હૈ નહીં. ત્રિકાળી તત્ત્વ વર્તમાનમાં જ પૂર્ણ છે. કેમકે ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ્ સત્ તો એક સમયમાં ત્રણે નામ એક સત્ છે. એક સમયમેં ત્રણે છે. ઉત્પાદ વ્યય એક સમયની સ્થિતિ છે અને ધ્રુવ ત્રણ કાળનો રહેનારો માટે ત્રણકાળ રહે માટે ધ્રુવ છે માટે ત્રણકાળની દૃષ્ટિ કરવી પડે એમ નથી. એક સમયની પર્યાય છે. ભલે એ વસ્તુ ના એમાં આવે. પણ એ આખું-ચીજ એક ધ્રુવ સમયની-એનું સામર્થ્ય જ્ઞાનમાં આવી જાય.

✿ આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ હૈ. ભગવાન આત્મામેં નઈ નઈ પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઔર જુની પર્યાયકા વ્યય હોતા હૈ ઔર ધ્રુવ રૂપે કાયમ રહેતે હૈ. વહ નિત્ય રહકર પલટતા હૈ. વર્તમાન આત્માકી દશા જો પલટતી હૈ, વિચાર પલટતે હૈ, યે તો અવસ્થા હૈ, વર્તમાન દશા. પર ઉસકા નિત્ય સ્થાયી સ્વરૂપ, નિત્ય સ્થાયી સ્વરૂપ છે, કાયમ રહેનેવાલુ ટકતું તત્ત્વ-એ તત્ત્વ અપના ગુણસે ખાલી નહીં. અનંતગુણસે ભરા હુઆ પ્રભુ હૈ અંદર.

✿ વસ્તુ ભગવાન આત્મા જેમાં અનંત ગુણ વસેલા, રહેલાં છે. એ વસ્તુ અનાદિ અનંત છે. એ પર્યાય પલટે છે એ જુદી વસ્તુ છે, એ તો વસ્તુ તરીકે છે. એ અનાદિ-અનંત છે. ધ્રુવ-જે ફરતું નથી. ધ્રુવ શું ફરે? વસ્તુ ફરીને ક્યાં જાય? ધ્રુવ તો સદૃશ્ય રૂપે કાયમ રહે છે. બદલાતો નથી.

અધ્રુવ તો બદલતો નથી. એની પર્યાય એક સમયે બદલાય એ જુદી વાત.

✿ છ દ્રવ્ય જ્ઞેય છે, તેને તે સમયે તે અવસ્થા થાય છે તે તેના ઉત્પત્તિના કાળથી થાય છે. નિમિત્તથી નહીં, પૂર્વની પર્યાયથી નહીં, દ્રવ્યગુણથી નહીં.

✿ કોઈ અંદર દુઃખકી દશા હૈ, તો આનંદ પ્રભુ હૈ, સ્વરૂપ ઉસકા આનંદ હૈ, ઉસકી પર્યાયમેં દુઃખ હૈ તો દુઃખસે, આસ્રવસે મુક્ત હો તો પર્યાય હો ગઈ. દુઃખકી દશા પલટકર આનંદકી પર્યાય આ જાયેગી. યે તો પર્યાય હૈ. તો દ્રવ્ય ત્રિકાળી ને ઉસકી પર્યાય દો હો ગઈ.

✿ પર્યાયમેં અક્ષરકા અનંતમા ભાગ અને કેવળજ્ઞાન-એ તો પર્યાયકી બાત હૈ. નિગોદમેં અક્ષરનો અનંતમો ભાગ વિકાસ-કેવળજ્ઞાનમાં પૂર્ણ વિકાસ, પણ વો તો પર્યાય હૈ. કેવળજ્ઞાન ભી પર્યાય હૈ. કેમકે ઉસકી ઉત્પત્તિ હોતી હૈ. ઉત્પત્તિ હોતી હૈ યે તો પર્યાય હૈ. ગુણ નહીં. કેવળજ્ઞાન ગુણ નહીં. વિનશ્વર હૈ. પર્યાય હૈ ને? પર્યાય હૈ. એક સમયકી પર્યાય હૈ. દૂસરે સમય દૂસરી હોગી, તીસરે સમય તીસરી હોગી. વો પર્યાયકા કાળ હી એક સમયકા હૈ. ઔર દ્રવ્ય ગુણકા કાળ ત્રિકાળ હૈ.

✿ લાખ વાતની વાત-'નિશ્ચય ઉર આણો, તોરિ સકલ જગ દ્વંદ્વ-ફંદ, દ્વંદ્વ'-બે રૂપતાને છોડી દો-ભગવાન આત્મા 'ધ્રુવ' મેં એક ગુણ 'ધ્રુવ' હૈ કે જિસમેં એકાગ્ર હોનેસે ઉત્પાદ-વ્યય-ધ્રુવને કારણે નિર્મળ પર્યાય ઉત્પન્ન હોતી હૈ અને પૂર્વની વિભાવ પર્યાયકા નાશ હોતા હૈ ઔર ધ્રુવકા આશ્રય કાયમ રહેતે હૈ.

✿ પ્રશ્ન : ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે દૃષ્ટિમેં ? તીન નહીં. દૃષ્ટિમેં ધ્રુવ એક. પણ દૃષ્ટિ ધ્રુવ પર હોનેસે નિર્મળ પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઔર મલિન પર્યાય પૂર્વકી હૈ વહ વ્યય-નાશ હોતા હૈ. ઉત્પાદ-ઉત્પાદને લઈને ઉત્પાદ ધ્રુવને લઈને નહીં. અને તે ઉત્પાદ છયે દ્રવ્યનો તે ક્ષણે જન્મનો ઉત્પત્તિ કાળ છે તે ઉત્પાદ થાય છે. આઘો પાછો નહીં, ધ્રવને લઈને નહીં. (પ્રમાણ વચન ગુરુદેવ)